# ગરમી ધીમી ગતિએ વધશે, પવનનું જોર પણ રહેશે- બેવડી ઋતુ અનુભવાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં હવે ધીમી ગતિએ ગરમીનો પારો ઉંચકાવાનો શરૂ થશે. જોકે બેવડી ઋતુનો અનુભવ પણ થશે.

આગામી તા. ૨૭મી ફેબ્રુઆરી સુધીનું હવામાન પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ. દ્વારા જારી કરવામાં આવેલ છે. કૃષિ સલાહ બુલેટીનના અંક ૯૪માં ૨૩થી ૨૭ ફેબ્રુઆરીના હવામાન પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૧૫-૧૮ ડિગ્રી રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૩થી ૬૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧ કિમી પ્રતિ કલાક રહેવા શકયતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં રવિ પાકની કાપણી કરવા તેમજ ઉનાળુ વાવેતર માટે જમીન તૈયાર કરવાની સલાહ આપવામાં આવી છે. પાકની કાપણી પણ સવારના સમયમાં ખાસ કરીને રાઈ-ચણા તેમજ બટાકા પાકમાં કરવા સલાહ અપાઈ છે.

છેલ્લા બે દિવસથી મધરાત્રિ બાદ ઠંડી વધતી જાય છે. જ્યારે દિવસ દરમિયાન બપોરે ૧ વાગ્યા બાદ ગરમીનો પારો ઉંચકાતો જાય છે. દિવસનું તાપમાન ૩૩ ડિગ્રી જ્યારે રાત્રે ૧૩.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું.



કુદરતની અનોખી લીલા - વૃક્ષો વસ્ત્રો બદલે અને કહીએ આપણે 'પાનખર'. વૃક્ષો શણગદાર સજે પુષ્પના અને નામ આપીએ 'વસંત' ત્યારે પાનખર અને વસંતની વચ્ચેના સમયને શું કહેશો ? શહેરમાં એક તરફ પાનખર અને બીજી તરફ વસંતનું સુંદર દશ્ય નજરે પડે છે. એક તરફ ફૂલોનું ગુફતગૂ થઈ રહ્યું છે જયારે બીજી તરફ પાનખરના પીળા પાન ખરી રહ્યા છે. વસંત અને પાનખર સાવ પાસપાસે છે તેવું સુંદર દશ્ય જોવા મળી રહ્યા છે.

# રાજ્યમાં કોરોના વાયરસના માત્ર ૩૬૭ કેસ નોંધાયા

**અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૬,૪૪૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી : કોરોનાનો રિકવરી રેટ ૯૮.૭૯ ટકા**

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૩૬૭ કેસ નોંધાયા છે. તો બીજી તરપ ૯૦૨ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૬,૪૪૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધીરને ૯૮.૭૯ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૧,૮૬,૦૮૯ રસીના ડોઝ અપાયા હતા. બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૩૯૨૫ એક્ટિવ કેસ છે. જે પૈકી ૩૬ વેન્ટીલેટર પર છે. અત્યાર સુધીમાં ૧૨,૦૬,૪૪૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. આ ઉપરાંત કોરોનાને કારણે અત્યાર સુધીમાં કુલ ૧૦૯૦૬ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે ૪ નાગરિકોનાં મોત થયા હતા. જેમાં ૨ વડોદરાના નાગરિક, ૧ ભરૂચ અને ૧ પોરબંદરના નાગરિકનો સમાવેશ થાય છે. રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૭ ને રસીનો પ્રથમ જ્યારે ૪૦ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

# સરકારી પ્રાથમિક શાળામાં ખાનગી પ્રાથમિક શાળા કરતાં વધુ હાજરી

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકારે ઓનલાઈન શિક્ષણને બદલે ઓફલાઈન શિક્ષણ ચાલુ કરવાના કરેલા નિર્ણય પછી સરકારી શાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ માટે વધુ હાજરી આપી રહ્યા છે જ્યારે ખાનગી શાળામાં હજુ વિદ્યાર્થીઓની ઓછી હાજરી જેવા મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં શિક્ષણ સમિતિ સંચાલિત શાળામાં ધો. ૧ થી ૮માં સરેરાશ ૬૨ ટકા વિદ્યાર્થીઓ હાજરી આપી રહ્યા છે.

દહેગામ તાલુકાની સરકારી શાળાઓમાં ૬૧.૨૧ ટકા, ગાંધીનગર તાલુકામાં ૫૮.૮૫ ટકા, કલોલમાં ૬૨.૮૩ ટકા અને માણસામાં ૬૯.૯૩ ટકા બાળકો શિક્ષણ માટે હોંશે હોંશે આવી રહ્યા છે.

જિલ્લામાં ખાનગી અને અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ૫૦.૪૦ ટકા જેટલી નોંધાઈ છે.

દહેગામ તાલુકામાં ૫૫.૧૭ ટકા, ગાંધીનગરમાં ૪૩.૮૩ ટકા, કલોલમાં ૫૪.૯૫ ટકા તેમજ માણસામાં ૭૯.૮૮ ટકા બાળકો હાજરી આપી રહ્યાનું જાણવા મળેલ છે.

ધોરણ ૧ થી ૮માં સરકારી શાળામાં ભણવા માટે બાળકો વધુ હોંશથી જઈ રહ્યા છે. ખાનગી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં બાળકોની હાજરી ઓછી જોવા મળી રહી છે.

લગ્નસરાની મોસમ તેમજ કોરોના સંક્રમણના ભયને પગલે કેટલીક ખાનગી શાળાઓએ હજુ પણ ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખ્યું છે. બે તબક્કામાં ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં હવે વિદ્યાર્થીઓની હાજરી વધશે તેમ મનાઈ રહ્યું છે. આ માટે શાળાના શિક્ષકો દ્વારા વાલીઓ સાથે બેઠકો પણ યોજવામાં આવી રહી છે. આગામી સપ્તાહથી હાજરી વધશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૧ થી ૮માં સરકારી પ્રાથમિક શાળામાં ૧,૧૫,૯૬૦ નોંધાયેલા બાળકો પૈકી ૭૧,૯૧૮ બાળકો હાજરી આપી રહ્યા છે. જ્યારે ખાનગી અને અનુદાનિત શાળાઓમાં ૯૭,૧૧૩ બાળકોની સામે ૪૮,૯૪૨ વિદ્યાર્થીઓ હાજરી આપી રહ્યા છે.

જો ધો.૧ની વાત કરીએ તો સરકારી શાળાઓમાં ૯૧૩૫ બાળકો અને ખાનગી તેમજ અનુદાનિત શાળાઓમાં ૫૧૭૮ બાળકો હાજરી આપી રહ્યા છે.

ધો. ૫ થી ૮માં ૨૭ હજારથી વધુ બાળકો હાજરી આપી રહ્યા છે. જ્યારે ખાનગી શાળાઓમાં ૧૮ હજારથી વધુ બાળકો હાજરી આપી રહ્યા છે.

# શહેર અને જિલ્લામાં કોરોનાના ૧૫ નવા કેસ

**શહેરમાં ૧૨ નવા કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં 3 નવા કેસ : શહેરમાં કુડાસણમાં 3 કેસ, ગ્રામ્યમમાં કલોલમાં ૨કેસ : ૧ને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં શહેરમાં કોરોનાના આજે વધુ ૧૨ કેસ તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩ કેસ મળી ૧૫ કેસ નોંધાયા છે. શહેર જિલ્લામાં કોરોનાના કેસમાં થઈ રહેલી વધ-ઘટએ તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩ કેસમાંથી એક દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસોમાં કલોલના જાસપુર અને પલિયડ ગામેથી કેસો મળી આવેલ છે. જ્યારે માણસા અર્બનમાંથી એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે અને આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦થી પણ ઓછા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દી છે જ્યારે ૬ વર્ષનો દિકરો સરગાસણમાં સંક્રમણોની યાદીમાં છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં કુડાસણમાં ૩, વાવોલ, રાયણસ, રાંદેસણ, સરગાસણમાં ૧-૧ કેસ નોંધાયો છે. આ ઉપરાંત સે.૧, ૨૧, ૧૫, ૧૨ અને સે.૩માં પણ ૧-૧ કેસ નોંધાયેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપાને માર્ચ મહીનામાં નવી ઈ-બસ ફાળવવામાં આવશે

**પ્રાયોગિક ધોરણે મીની બસ ફાળવવામાં આવશે : 33 ની બેઠક ક્ષમતા ધરાવતી મીની બસ ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડશે : નરોડા ખાતે ચાર્જીંગ સ્ટેશન પણ તૈયાર કરી દેવાયુ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં આગામી માર્ચ મહીનામાં ઈ બસ સેવા શરૂ કરી દેવાશે ડેપોને ઈલેકટ્રીક બસો ફાળવવામાં આવ્યા બાદ પ્રાથમિક તબક્કે પ્રાયોગિક રીતે ઈ બસ ગાંધીનગર અમદાવાદના રૂટમાં દોડશે જયારે આ માટે નરોડા ખાતે વર્કશોપ અને ચાર્જીંગ સેન્ટર પણ બનાવી દેવાયુ છે. પ્રથમ તબક્કામાં ૩૩ ની બેઠક ક્ષમતા ધરાવતી મીની બસ ફાળવવામાં આવશે. જેના લીધે હવે આગામી દિવસોમાં મુસાફરોને વધુ એક સલામત સવારીનો લાભ મળશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે હાલ ડેપો દ્વારા પ્રતિદિન હજારો મુસાફરો અપડાઉન કરી રહ્યા છે. જયારે ડેપો પાસે હાલ ૮૪ ડીઝલ બી એસ સિકસ એન્જિન ધરાવતી બસો છે. આ રૂટમાં આ ડિઝલ બસો દોડી રહી છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ અભેરાઈએ ચઢેલી છે. જેના લીધે ડેપો સંકુલમાં મુસાફરોના ખિસ્સા કપાય છે. મુસાફરોની કોઈ સલામતી નથી બીજીતરફ મુસાફરો માટે કેપિટલના ડેપોને અનુરૂપ કોઈ સુવિધા પણ નથી. આ સ્થિતિ વચ્ચે મુસાફરો પણ અકળાયા છે. કોરોના કાળ બાદ લગ્નસરાની મોસમ પણ નિખરી છે. જયારે આગામી ઉનાળુ વેકેશનમાં પણ ડેપો સંકુલમાં ટ્રાફિક વધશે ત્યારે અત્યાર થી જ ડેપોમાં મુસાફરોની સલામતીને અનુલક્ષી જરૂરી પગલા લેવા અનિવાર્ય છે. આ મામલે નાગરિકોએ પણ પ્રબળ માંગ ઉઠાવી છે. પરંતુ હજુ સુધી કાંઈ થતુ નથી. બીજીતરફ ડેપોમાં મુસાફરોને પીવાનુ ઠંડુ પાણી મળી રહે તે માટે પણ કુલરો વારંવાર ઠપ્પ થઈ જાય છે જેને અનુલક્ષીને પણ જરૂરી વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય છે. ગાંધીનગર ડેપાને નમુનારૂપ બનાવાની યોજના અન્વયે આ સઘળી કામગીરીનુ આયોજન કરવામાં આવનાર હતુ પરંતુ આ યોજના ગોથે ચઢી છે. જેના લીધે કંગાળ ડેપો સંકુલમાં મુસાફરોની સુવિધા અને સલામતીનો અભાવ વર્તાય છે. બીજીતરફ લાંબા સમયથી ઈલેક્ટ્રીક બસો ફાળવવા માટે પણ વાતો થાય છે. પરંતુ હજુ સુધી ડેપોને ઈલેક્ટ્રીક બસો મળી નથી જયારે હવે આગામી માર્ચ મહીનામાં ડેપોને ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવે તેવી સંભાવના છે. જેમાં પ્રથમ તબકકામાં મીની ઈ બસ સેવા શરૂ કરાશે. પ્રથમ તબક્કામાં પ્રાયોગિક ધોરણે ૩૩

● અનુસંધાન પાન-૭ પર

# રક્ષાશકિત સર્કલ પર ઓકટોબરમાં નવો ફલાયઓવર તૈયાર થઈ જશે

**નવો ફ્લાય ઓવર તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે : નવા સર્વિસ રોડ પર ટ્રાફિક ડાયવર્ટ : ગિફ્ટસીટી માટે બ્રિજ નીચેથી સીધો રસ્તો મળશે : ચ-૦ થી ઇન્દિરાબ્રિજ વચ્ચે બે બ્રિજનુ કામ પ્રગતિ હેઠળ**



ગાંધીનગર તા ૨૨

ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચેના રૂટમાં નવા બે ઓવરબ્રિજ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં એપોલો સર્કલની સાથે રક્ષાશકિત સર્કલ પર પણ બ્રિજનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી આ વિસ્તારમાં હાલ સર્વિસ રોડ પર ટ્રાફિક ધમધમી રહ્યો છે. આમ પણ આ રૂટમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. જેને ધ્યાનમાં રાખી ઓવરબ્રિજ બનાવાની કામગીરી હાથ ધરાઈ છે. આ કામગીરી આગામી ઓકટોબર મહીનામાં પુર્ણ કરી દેવાશે જયારે બ્રિજ નિર્માણના અંતે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા નહીં મળે ગીફટ સિટી તરફ જવા માટે નીચેથી સીધો રસ્તો મળશે.

ચ-૦ થી ઈન્દિરાબ્રિજ વચ્ચેના રૂટમાં નવા બે બ્રિજ તૈયાર થઈ રહ્યા છે. જેમાં એપોલો સર્કલ પર પણ કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જયારે રક્ષાશક્તિ સર્કલને અનુલક્ષીને પણ સિકસ લેન ફલાય ઓવર બનાવાની કાર્યયોજના પ્રગતિ હેઠળ છે. હાલ આ બ્રિજનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે આ રૂટમા ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. અંદાજિત ૧ કી મીની લંબાઈમાં આ બ્રિજનુ નિર્માણ ચાલી રહ્યુ છે. આ બ્રિજ તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે રક્ષા શક્તિ સર્કલ

● અનુસંધાન પાન-૭ પર

# ત્રીજી લ્હેરમાં ૨૧ થી ૪૦ વર્ષના યુવાનો વધુ સંક્રમિત

**૦ થી ૧૦ વર્ષના બાળદર્દીઓની સંખ્યા ૩૧૫ થઈ છે. જ્યારે ૧૧ થી ૨૦ વર્ષના વય જૂથના દર્દીઓની સંખ્યા ૯૩૨ : ૨૧ થી ૩૦ વર્ષની વયના ૨૫૬૯**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સૌથી વધુ સંક્રમણ ૨૧ થી ૪૦ વર્ષની વય જૂથમાં જોવા મળ્યું છે.

ઉંમર પ્રમાણે કેસની વિગત

| વય ગૃપ | કેસની સંખ્યા |
|---|---|
| ૦-૧૦ | ૩૧૫ |
| ૧૧-૨૦ | ૯૩૨ |
| ૨૧-૩૦ | ૨૫૬૯ |
| ૩૧-૪૦ | ૨૩૫૬ |
| ૪૧-૫૦ | ૧૩૯૪ |
| ૫૧-૬૦ | ૧૧૬૫ |
| ૬૧-૭૦ | ૬૯૫ |
| ૭૧-૮૦ | ૨૩૧ |
| ૮૦થી ઉપર | ૮૮ |
| કુલ | ૯૭૩૪ |

મળતી વિગતો પ્રમાણે આ વય જૂથના ત્રીજી લહેરમાં ૪૯૨૫ દર્દીઓ નોંધાયા છે. ૯૭૦૦થી વધુ દર્દીઓના વય ગૃપની રસપ્રદ વિગતો જાણવા મળી છે.

૦ થી ૧૦ વર્ષના બાળદર્દીઓની સંખ્યા ૩૧૫ થઈ છે. જ્યારે ૧૧ થી ૨૦ વર્ષના વય જૂથના દર્દીઓની સંખ્યા ૯૩૨ થઈ છે. જ્યારે ૨૧ થી ૩૦ વર્ષની વયના ૨૫૬૯ અને ૩૧ થી ૪૦ વર્ષની વયના ૨૩૫૬ દર્દીઓ છે.

શહેરમાં કોરોનાની આ ત્રીજી લહેર દરમિયાન કોરોનાના માઈલ્ડ સિમટમ્સ જોવા મળ્યા હોવાથી હોસ્પિટલાઈઝેસન રેટ ઘણો જ ઓછો રહ્યો છે. દર્દીઓએ હોમ આઈસોલેશનમાં રહી સારવાર મેળવી છે. શહેરમાં રિકવરી રેટ ૯૨ ટકાને પણ પાર કરી ગયો છે.

# ગુડા વિસ્તારમાં તૈયાર થતા આવાસોની ચેરમેને વિવિધ આઠ સાઈટનુ નિરિક્ષણ કર્યુ

**સરગાસણ, કુડાસણ, પેથાપુર વાવોલ અને રાયસણમાં એમ આઇ જી અને એલ આઇ જી આવાસો તૈયાર થઇ રહ્યા છે : કુલ ૩૪૬૦ આવાસોને અનુલક્ષી ચેરમેન તેમજ કાર્યપાલક ઇજનેરે સાઇટ નિરિક્ષણ કરી ગુણવત્તા અને કામની પ્રગતિ ચકાસી**



ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હાલ પેથાપુર , રાયસણ , વાવોલ, કુડાસણ અને સરગાસણમાં વિવિધ આઠ સાઈટ પર આવાસ નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે આવાસોની કામગીરીમાં ગુણવત્તા તેમજ કામમાં પ્રગતિને અનુલક્ષીને આજે ગુડાના ચેરમેન તેમજ કાર્યપાલક ઈજનેરે સ્થળ મુલાકાત લઈ આવાસોના બાંધકામ અંગે નિરિક્ષણ કર્યુ હતુ. કુલ આઠ સાઈટ પર ૩૪૬૦ આવાસોને ધ્યાનમાં રાખીને કામગીરીની ચકાસણી કરી હતી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા હાલ પેથાપુર, વાવોલ, કુડાસણ , સરગાસણ અને

● અનુસંધાન પાન-૭ પર

**Corrected Name**

I, Dhaval Trivedi, S/o Ashokkumar Trivedi residing at Sector-3/C, Gandhinagar, have corrected my name to Dhaval Ashokkumar Trivedi in passport of my daughter Manavi Dhaval Trivedi vide affidavit dated 11 February 2022.

**બેસણું**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
**મીનાબેન પ્રફુલ્લચંદ્ર ગુપ્તે નું**
દુખઃદ અવસાન તા.૨૧-૦૨-૨૦૨૨ને સોમવારના રોજ થયેલ છે.તેમની ઉમર ૮૭ વર્ષની હતી.
**સદ્દગતનું બેસણું તા.૨૪-૦૨-૨૦૨૨નો ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧ કલાકે** તેમના નિવાસસ્થાને રાખેલ છે.
સ્થળ : કોમન પ્લોટ, તેજસ સોસાયટી, સેકટર-૨૩, .ગાંધીનગર
90990 23202, 9898988382
મિલિંદ પ્ર. ગુપ્તે | સૌ. શ્રુતિ ગુપ્તે
ડો.કલ્પના આર્ય | સંજય આર્ય
ડો.સંગીતા ઘાટે | પુષ્કર ઘાટે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com